# વિધાનસભાના પ્રારંભે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

ગાંધીનગર,તા.૧ આજે પહેલી માર્ચ-સોમવારથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. કોરોનાને કારણે આ વખતે વિધાનસભામાં મુલાકાતીઓ પર પ્રતિબંધ મૂકાયો છે. ત્યારે આજે શરૂ થનારા સત્ર પહેલા ગુજરાત કોંગ્રેસે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. જેમાં ગુજરાત કોંગ્રેસના બે ધારાસભ્યો ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખે હાથમાં મોંઘવારી અંગેના બેનરો વિધાનસભા પહોંચીને વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત કોંગ્રેસનો વિરોધ જોઈને તેઓ વિધાનસભામાં પણ હોબાળો કરવાના મૂડમાં હોય તેમ લાગી રહ્યાં છે. તેઓ આ મુદ્દે વોકઆઉટ કરી શકે છે. બીજી તરફ સિલિન્ડરની કિંમત અને કૃષિ બિલનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ સત્રમાં ભાજપ સરકાર યુપી સરકારની જેમ લવ જેહાદનો કાયદો વિધાનસભામાં પસાર કરશે તેવી માહિતી પણ પ્રદિપસિંહ જાડેજાએ




## પેટ્રોલ-ડીઝલનાં ભાવ, મોંઘવારી અંગે ઘેરવાના મૂડમાં : કોંગ્રેસના ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખે હાથમાં મોંઘવારી અંગેના બેનરો લઇને વિધાનસભામાં વિરોધ પ્રદર્શન કર્યું

લઈને વિધાનસભામાં વિરોધ પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસનાં ઈમરાન ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખે પહોંચ્યા વિધાનસભામાં મોંઘવારી, વેટ ઘટાડો, પેટ્રોલ ડીઝલના ભાવ જેવા મુદ્દે વિવિધ બેનરો હાથમાં લઈને કોંગ્રેસના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત સાયકલ લઈને વિધાનસભા પહોંચ્યા હતા. તેઓ પણ બેનર સાથે વિરોધ નોંધાવ્યો હતો. બેનરમાં યુવાનોને રોજગારી આપવા, પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો, ગેસ આપી છે. આ ઉપરાંત ૩જી માર્ચે નાણાંમંત્રી નીતિન પટેલ વિધાનસભામાં અંદાજ પત્ર રજૂ કરશે.નિતિન પટેલ ૯મી વાર વિધાનસભામાં અંદાજ પત્ર રજૂ કરશે.

## સમાચાર રફ્તાર

- હવે ફેસબુકે ટીકટોકના સ્થાને બાર્સ શોર્ટ વીડિયો એપ લોન્ચ કરી.
- બંગાળમાં ટીએમસીને જીતાડવા સંપૂર્ણ શક્તિ લગાવવાની તેજસ્વી યાદવની જાહેરાત.
- જુનાગઢમાં મહાશિવરાત્રીનો મેળો આ વર્ષે નહી યોજવાનો નિર્ણય.
- પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા અને સાંસદ રામ મોખિરીયા વચ્ચે વર્ષોથી ચાલતા વિવાદ પર પૂર્ણ વિરામ. બંને વચ્ચે સમાધાન થયુ.
- કેરળના બે નિવૃત્ત હાઈકોર્ટ ન્યાયમૂર્તિ ભાજપમાં જોડાયા.
- પંજાબમાં કેપ્ટન અમરિન્દરસિંહના મુખ્ય સલાહકાર તરીકે પ્રશાંત કિશોર જોડાયા.
- કેન્દ્ર સરકારને કોવિડ પોર્ટલ વધુ યુઝર ફ્રેન્ડલી બનાવવા આઈએમએની અપીલ.
- અમદાવાદ રીવર ફ્રન્ટમાં વધુ એક મહિલાનો આપઘાતનો પ્રયાસ.
- સાણંદ તાલુકા પંચાયતના પરિણામ પહેલા પીપરના અપક્ષ ઉમેદવાર લીલાબેન ઠાકોરનું નિધન.
- આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુની તિરૂપતિ એરપોર્ટ પરથી અટકાયત.
- રીલાયન્સે અમેરિકન કંપની સ્કાયટ્રેનમાં હિસ્સો ખરીદ્યો. હવામાં લટકતા ડબ્બા સ્કાયટ્રેન દોડાવી શકશે.
- આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ પર ૩૧મી માર્ચ સુધી પ્રતિબંધ લંબાવાયો.
- મુંબઈના બાન્દ્રાથી ૧૯.૫૦ લાખના એમ.ડી. ડ્રગ્સ સાથે મહિલાની ધરપકડ.
- આજે શેરબજારમાં ૯૦૮ પોઈન્ટનો વધારો નોંધાતા બજાર ૫૦ હજારની સપાટી પર.
- ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી ૨૫ રૂ.નો વધારો. ત્રણ મહિનામાં ૨૨૫ રૂ.નો ધરખમ વધારો થયો.
- કાંકરેજના મોટા જામપુરમાં ગેસ ગળતરની ઘટનામાં બે ના મૃત્યુ. ચારને સારવાર અપાઈ.
- છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫,૫૧૦ કેસ નોંધાયા. મહારાષ્ટ્ર અને કેરળમાં સૌથી વધુ.
- ફેબ્રુઆરી માસમાં જીએસટીનુ કલેક્શન ૧.૧૩ લાખ કરોડે પહોંચ્યુ. જે ૭ ટકાનો વધારો સૂચવે છે.
- એસબીઆઈએ હોમ લોન વ્યાજના દર ઘટાડીને ૬.૭૦ ટકા કર્યા.
- મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણીએ એપોલો હોસ્પિટલ ખાતે કોરોના વેક્સિન લીધી.
- અમિતાભ બચ્ચન પર સફળ શસ્ત્રક્રિયા

## રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૨૭ કેસ નોંધાયા : એકનું મોત

### અત્યાર સુધીમાં કુલ ૨૬૩૪૭૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : રાજ્યમાં હજુ સુધી ૪૪૧૧ દર્દીના મોત

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા હતા. અને ચૂંટણી ટાણે તો જાણે એમ લાગ્યું કે કોરોનાએ રાજ્યમાંથી વિદાય લઈ લીધી છે. જે પ્રકારના આંકડાઓ આવી રહ્યા હતા તેને જોઈને લાગતું હતું કે સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે સાથે કોરોના સામે પણ વિજય પ્રાપ્ત કરી લીધો છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો હતો. કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવવા લાગ્યો હતો. જો કે જેવી ચૂંટણી પુરી થઈ તેમ તરત જ કોરોના પરથી પણ જાણે આચાર સંહિતા હટી હોય તેમ કોરોના બેકાબુ બની ગયો છે. બે જ દિવસની અંદર કોરોનાના આંકડા બમણા થઈ ચુક્યા છે.

આજે રાજ્યમાં નવા ૪૨૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૬૦ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૪૭ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં કોરોના રસીકરણના ત્રીજા તબક્કાનો આજથી શુભારંભ કરવામાં આવ્યો.

## વિધાનસભામાં માધવસિંહ અને કેશુભાઈ સહિત ચાર નેતાઓને અંજલી

### ચૌદમી વિધાનસભાના આઠમા સત્રનો પ્રારંભ : પૂર્વ મુખ્યમંત્રીઓ સ્વ. માધવસિંહ સોલંકી, સ્વ. કેશુભાઇ પટેલે ગુજરાતના વિકાસને નવી દિશા આપી છે : રૂપાણી

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી અને વિધાનગૃહના નેતા વિજય રૂપાણીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના પ્રથમ દિવસે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખને રજૂ કરીને પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકી તેમજ સ્વ. કેશુભાઈ પટેલ સહિતના ચાર પૂર્વ દિવંગત રાજ્યમંત્રીઓ અને સાત પૂર્વ દિવંગત વિધાયકોને ભાવસભર અંજલિ આપી હતી. મુખ્યમંત્રીએ પૂર્વ રાજ્યમંત્રીઓ સુંદરસિંહ ચૌહાણ, બાબરભાઈ તડવી, રજનીકાંત રજવાડી અને રોહિતભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોક વ્યક્ત કરી સદગત સભ્યોને શ્રદ્ધાંજલી પાઠવી હતી. તેમણે વિધાન સભાના પૂર્વ દિવંગત વિધાયકો સ્વ. દિનકરભાઈ દેસાઈ, ચંદ્રાબહેન શ્રીમાળી, ધારશીભાઈ ખાનપુરા, જોધાજી ઠાકોર, નરેશ કનોડિયા, મેઘજીભાઈ કણઝારીયા અને ભૂપેન્દ્રસિંહ ખાંટના નિધન અંગે પણ દુઃખ વ્યક્ત કરી આ સભ્યોને શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહ સોલંકીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમ્યાન ઉદ્યોગ, વીજળી, શિક્ષણ, સામાજિક કલ્યાણ તેમજ સાહિત્ય અને સંસ્કૃતિના ઉત્થાન દ્વારા વિકાસને નવી દિશા આપી હોવાનું સ્મરણ કર્યું હતું.

## માલપુરમાં ચૂસ્ત બંદોબસ્ત નહીં ગોઠવાય તો મત ગણતરી તોફાની બનવાની દહેશત

### ભેમપોડના બનાવ પછી પણ પોલીસ ગંભીર નથી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

માલપુર તાલુકાના ભેમપોડમાં ગત રોજ મતદાન સમયે બોગસ મતદાનની ફરિયાદ થયા પછી મામલો બિચક્યો હતો જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો થયો હતો. પોલીસ માત્ર તમાશો જોતી રહી હતી છેવટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત પછી પોલીસ એકશનમાં આવી હતી. આજે માલપુરની પી.જી. મહેતા હાઈસ્કુલમાં મત ગણતરી યોજાવવાની છે ત્યારે મત ગણતરી સ્થળે એસ.આર.પી. સહિત ચૂસ્ત પોલીસ બંદોબસ્ત નહીં ગોઠવાય તો મત ગણતરી તોફાની બનવાની આશંકા જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ ઉપપ્રમુખ મહેશભાઈ પટેલે વ્યક્ત કરી છે.

નિર્ભયી અને ન્યાયિક ચૂંટણીના આયોજનમાં અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર સફળ રહ્યું છે પરંતુ બાયડ અને માલપુર તાલુકાના કેટલાક બનાવોથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પ્રશ્નો ઉભા થાય તે સ્વભાવિક બાબત છે. ગત રોજ ભેમપોડમાં મતદાન દરમ્યાન જે રીતે હોબાળો અને પછી બબાલ મચી તેના કારણે અનેક મતદારો અને રાજકીય પક્ષોના ટેકેદારો અસલામતી અનુભવે તે બાબત સમજી શકાય છે. પરંતુ તંત્રએ એ પણ સમજવું જોઈએ કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સ્થાનિક બબાલ થવાથી વૈમનસ્ય વધે છે આ સંજોગોમાં ગત રોજના બનાવથી બોધપાઠ લઈ માલપુરમાં મત ગણતરી સ્થળે પોલીસની કામગીરી સામે સવાલ ઉભા ન થાય તે માટે પોલીસ વડાએ સુરક્ષા પ્રબંધની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવી રહી અન્યથા કોઈ લોહીયાળ જંગ થઈ જશે તો પોલીસ ઉપર પસ્તાળ પડી શકે છે.



## રડોદરા જિલ્લા પંચાયત બેઠક ઉપર વિક્રમી મતદાન

## આજે ફેંસલો : અરવલ્લી જિલ્લા પંચાયતમાં કોનું શાસન, ભાજપ કે કોંગ્રેસ..??

### ગ્રામ્ય વિસ્તારમાં બમ્પર મતદાનથી બંન્ને રાજકીય પક્ષોની ઉંઘ ઉડી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનું શાસન આવશે કે કોંગ્રેસ જિલ્લા પંચાયત જાળવી રાખશે..?? તેવી અટકળો વચ્ચે મંગળવારે મત ગણતરી હાથ ધરાશે. ગ્રામ્ય વિસ્તારમાં બમ્પર મતદાનથી બંન્ને રાજકીય પક્ષોની ઉંઘ ઉડી ગઈ છે. જ્યારે ભાજપ સંગઠને સંપૂર્ણ બહુમતી સાથે અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાશે તેવું રણકાબંધ જણાવ્યું છે. ભાજપના રાજમાં મોંઘવારીએ માઝા મૂકતાં પ્રજાએ કોંગ્રેસની તરફેણમાં મતદાન કર્યાનો દાવો કર્યો છે. અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો ઉપર સરેરાશ ૬૮.૧૪ ટકા મતદાન નોંધાયું છે. જેમાં પુરૂષ મતદારોએ ૭૦.૦૫ ટકા અને સ્ત્રી મતદારોએ ૬૬.૧૩ ટકા મતદાન કર્યું છે.



અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે રવિવારે અભેદ્ય સુરક્ષા પ્રબંધ વચ્ચે જિલ્લાના ૯૯૭ મતદાન મથકો ઉપર મતદાન યોજાયું. અનેક વિસ્તારોમાં મતદારોને પોતાના તરફી કરવા માટે દામ, શામ, દંડના પ્રયોગના આરોપ લાગ્યા તેમ છતાં એકંદરે શાંતિપૂર્વક મતદાન પ્રક્રીયા પૂર્ણ થતાં વહીવટી તંત્ર અને પોલીસે રાહતનો દમ લીધો છે. અરવલ્લી જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો પૈકી રડોદરા બેઠક ઉપર સૌથી વધુ ૭૬.૮૯ ટકા બમ્પર મતદાન થયું છે. જ્યારે ભિલોડા-૩ બેઠક ઉપર સૌથી ઓછું માત્ર ૫૬.૯૯ ટકા મતદાન નોંધાયું છે. તા.૨ માર્ચે બપોરના ૨-૦૦ કલાક સુધીમાં અરવલ્લી જિલ્લા પંચાયતમાં કોનો કબજો..તેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત, નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાશે : રાજેન્દ્ર પટેલ

બાયડ : અરવલ્લી જિલ્લામાં ભાજપ સરકારે કરેલા વિકાસ કામો, ભાજપના કાર્યકરોએ દરેક ઉમેદવારને જીતાડવા માટે કરેલી તનતોડ મહેનત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાત સરકારે લોકઉપયોગી કાર્યોનો ધોધ વરસાવ્યો હતો જે રીતે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બમ્પર મતદાન થયું છે તે ભાજપની તરફેણમાં છે. આજે પરિણામ જાહેર થશે એટલે અરવલ્લી જિલ્લા પંચાયત, તમામ ૬ તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાશે તેમ અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે જણાવ્યું છે.

### જિલ્લા પંચાયતની બેઠક ઉપર મતદાનની ટકાવારી..

| જિલ્લા પંચાયત | ટકાવારી | | | | |
|---|---|---|---|---|---|
| ૧-આકરૂન્દ | ૬૬.૧૫ | ૧૧-ઈન્દ્રાણ | ૬૪.૩૫ | ૨૧-નાંદોજ | ૬૬.૩૭ |
| ૨-બાંઠીવાડા | ૭૧.૫૮ | ૧૨-જેસીંગપુર | ૬૨.૫૯ | ૨૨-ઓડ | ૬૦.૪૭ |
| ૩-બેલ્યો | ૭૦.૭૭ | ૧૩-કઉં | ૬૮.૯૮ | ૨૩-પંચાલ | ૬૭.૯૪ |
| ૪-ભિલોડા-૩ | ૫૬.૯૯ | ૧૪-કિશનગઢ | ૬૩.૫૮ | ૨૪-રડોદરા | ૭૬.૮૯ |
| ૫-બુટાલ | ૭૬.૧૧ | ૧૫-કુંડોલપાલ | ૬૧.૮૩ | ૨૫-શણગાલ | ૬૭.૯૧ |
| ૬-ચોઈલા | ૭૪.૦૦ | ૧૬-લીંભોઈ | ૬૯.૭૭ | ૨૬-સાયરા | ૬૯.૩૨ |
| ૭-ડેમાઈ | ૬૫.૩૩ | ૧૭-માલપુર | ૭૨.૨૨ | ૨૭-ટીંટોઈ | ૭૦.૪૪ |
| ૮-ધનસુરા | ૭૪.૮૯ | ૧૮-મેઢાસણ | ૬૪.૮૬ | ૨૮-ઉભરાણ | ૭૧.૮૨ |
| ૯-ગાબટ | ૭૩.૪૭ | ૧૯-મેઘરજ | ૬૩.૬૫ | ૨૯-ઉંટરડા | ૬૮.૭૬ |
| ૧૦-હેલોદર | ૭૬.૦૭ | ૨૦-મોટાકંથારીયા | ૬૧.૯૫ | ૩૦-વડાગામ | ૭૧.૬૮ |

## સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થાને એલઆઈસી તરફથી વાન ભેટ આપવામાં આવી




સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર સંસ્થા દેશ ના ૧૮ રાજ્યોમાં કેન્સર દર્દીઓનાં ઉત્થાન અને કેન્સર બાબતે જાગૃતિ ફેલાવવા કાર્યરત છે. ગુજરાત રાજ્યમા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ના પ્રાંગણમાં આવેલ કેન્સર હોસ્પિટલ ખાતે આ સંસ્થા દર્દીઓ ને માર્ગદર્શન અને કાઉન્સેલીગ નુ કાર્ય કરે છે તેમજ નજીકમાં આવેલ અભિષેક-૪ કોમ્પલેક્ષ મા દર્દીઓ માટે નિશુલ્ક વેલનેસ કેન્દ્ર ચલાવે છે.

સમગ્ર રાજ્યમા કેન્સર બાબતે જાગૃતિ આવે અને તંદુરસ્ત જીવનશૈલી દ્વારા કેન્સર થવાની શક્યતાઓ ઘટાડી શકાય એ અંગે સંદેશ ફેલાવી શકાય તે હેતુસર આ સંસ્થાને લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ એક વાન દાન આપી. એલઆઈસી પશ્ચિમ ઝોન ના રીજિયોનલ મેનેજર શ્રી પાર્થ સેમલ ના વરદ હસ્તે સંજીવની સંસ્થાનાં અમદાવાદ ના કૉ-ઓર્ડીનેટર શ્રીમતી ઈલાબેન વોરાને આ વાનની સોંપણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માનવંતા મહેમાન તરીકે ગુજરાત કેન્સર હોસ્પિટલના નાયબ નિયામક શ્રીમતી પરિસીમા દવે તથા એલઆઈસી અમદાવાદ ના સિનિયર ડિવિઝનલ મેનેજર શ્રી રાજીબ બિશ્વાસ ખાસ નિમંત્રિત તરિકે ઉપસ્થિત રહેલ હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીના દ્રાક્ષોત્સવના માંડવામાં અલૌકિક દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં બિરાજમાન અધિષ્ઠાતા સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુજીએ દ્રાક્ષોત્સવના માંડવામાં અલૌકિક દર્શન દાન આપ્યાં. સૌ આજનાં અલૌકિક દર્શન ઓનલાઈન કરી અભિભૂત થઈ ગયા હતા. દ્રાક્ષોત્સવ પર્વે અલૌકિક દર્શન દાન અર્પતા શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીએ ઉતારી હતી.



## બીજા તબક્કાનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોનાની રસીનો પહેલો ડોઝ લેવા આવેલા પીએમ મોદીએ અસમનો ગમછો પહેર્યો હતો. તેમણે અગાઉ પણ ઘણા પ્રસંગોએ આ અસમી ગમછો પહેરેલો છે. પીએમ મોદી વહેલી સવારે જ એમ્સ પહોંચી ગયા હતા જેથી સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ના નડે. દેશમાં આજથી કોરોના વેક્સીનના બીજા તબક્કાનો પ્રારંભ થયો છે. હવે ૬૦ વર્ષથી વધુની વયના અને અન્ય બીમારીઓથી પીડિત ૪૫ વર્ષ કે તેનાથી વધુની ઉંમરના લોકો રસી લઈ શકશે. સરકારે આ માટે તૈયારીઓ કરી લીધી છે. ખાસ વાત એ છે કે, સરકારી સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ રસીકરણ અભિયાન શરૂ કરાયું છે. ખાનગી હોસ્પિટલોમાં કોરોના વેક્સીનના એક ડોઝની કિંમત કેંદ્ર સરકારે ૨૫૦ રૂપિયા નક્કી કરી છે. સરકારી હોસ્પિટલોમાં કોરોના વેક્સીન અગાઉની જેમ જ નિઃશુલ્ક મળશે. નાગરિકો કો-વિન ૨.૦ પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરીને પણ વેક્સીન લેવા માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. આ ઉપરાંત રસીકરણના કેંદ્ર પર જઈને પણ નોંધણી કરાવી શકાશે. એવા તમામ નાગરિકો કે, જે ૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ ૬૦ વર્ષ કે તેનાથી વધુ વયના હોય તથા ૪૫થી ૫૯ વર્ષની ઉંમરના લોકો કે જેઓ નિર્ધારિત કરવામાં આવેલી ૨૦ બીમારીઓમાંથી કોઈથી એકથી પણ પીડાતા હોય તો રજિસ્ટ્રેશન કરાવી શકશે.

## ત્રીજી સબમરીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી ત્રીજી સબમરીન છે. કલવરી અને ખાંદેરી બાદ કરંજની તાકાત જોઈને દુશ્મનોને પરસેવો છૂટી જશે. કરંજ એક સ્વદેશી સબમરીન છે જેને મેક ઈન ઈન્ડિયા અંતર્ગત બનાવવામાં આવી છે. આ સાથે જ ભારતે સબમરીન બનાવનારા દેશ તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

એમડીએલ ભારતીય નેવીની જરૂરિયાતો અને આકાંક્ષાઓને પૂરી ક્ષમતા સાથે પૂર્ણ કરનાર ભારતના પ્રમુખ શિપયાર્ડ પૈકીનું એક છે.

સ્કોર્પિયન સબમરીન કરંજ દુશ્મનોને ચકમો આપીને ચોક્કસ નિશાન તાકી શકે છે. કરંજની આ ખૂબી ચીન અને પાકિસ્તાન જેવા દેશોની મુશ્કેલી વધારી દેશે. આ સાથે જ કરંજ ટોરપીડો અને એન્ટી શિપ મિસાઈલ વડે હુમલો પણ કરી શકે છે. તેમાં સપાટી પર પાણીની અંદરથી દુશ્મન પર હુમલો કરવાની ખાસીયત પણ છે.

## કે પરિવર્તન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ નગરપાલિકામાં સેન્ટ ઝેવિયર્સ અને એલ.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગણતરી હાથ ધરવામાં આવશે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં બે હોલમાં ૧૨ ટેબલ પર અને કોલેજમાં એક હોલમાં ૬ ટેબલ પર ગણતરી હાથ ધરવામાં આવશે. જિલ્લા-તાલુકા પંચાયતનું પ્રથમ પરિણામ સવારે સાડા નવ સુધી મળી જશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

તંત્ર દ્વારા ગણતરીદારોને તાલિમ આપી દેવામાં આવી છે તેમજ ક્રમાનુસાર બેઠકોની ગણતરી જે તે તાલુકા મથકોએ જ હાથ ધરવામાં આવશે. ગણતરી અને તેના માટે દરેક જગ્યાએ કંટ્રોલરૂમ પણ ઉભા કરવામાં આવ્યા છે. ગણતરીના નિયત કરાયેલા હોલમાં પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી અને કામગીરી હાથ ધરવામાં આવશે. હોલમાં જતા પહેલાં થર્મલ ગનથી સ્ક્રીનીંગ પણ કરવામાં આવશે.

ગાંધીનર જિલ્લામાં કલોલ, દહેગામ, માણસા અને ગાંધીનગરમાં ૭૦ ટકા જેટલુ ભારે મતદાન ગઈકાલે નોંધાયુ હતુ. જિલ્લામાં પરિણામ પૂર્વે શરતોના બજારમાં ગરમી આવી છે. જિલ્લામાં બન્ને પક્ષોએ વિજય માટેનો વિશ્વાસ વ્યક્ત કરી સત્તા પ્રાપ્તીનો દાવો કર્યો છે.

## ૧૦ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ઉદ્યોગભવનમાં જુનિ. ઈજનેર (ઈલેક્ટ્રીકલ) ઉપરાંત વિજીલન્સ કમિશનરની કચેરીના એક કર્મયોગીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સે. ૨ માં ૨ કેસ ઉપરાંત સે. ૪, ૭, ૮ અને ૨૩ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં સંવેદનશીલ ગણાતા સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ટચુકડી જાહેર ખબર
ગાંધીનગર સમાચાર દર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧